
# વૈશ્વિક સ્તરે ડિફેન્સ મિનિસ્ટ્રીનાં સરનામાં અને સ્વરૂપમાં આવેલાં પરિવર્તન

**થો**ડા સમય પહેલાં એક સમાચાર ધ્યાનમાં આવેલા કે આવનારા સમયમાં ભારતના સંરક્ષણ મંત્રાલયનું સરનામું બદલાવાનું છે. રાયસીના હિલ્સના બદલે આવનારા સમયમાં ભારતીય સંરક્ષણ મંત્રાલયનું નવું સરનામું સેન્ટ્રલ વિસ્ટા ખાતેનું કર્તવ્ય ભવન-2 હશે. આ નિમિત્તે અહીં ભારત સહિત એવા કેટલાક દેશોની વાત કરી છે કે જેમણે સમયાંતરે પોતાના સંરક્ષણ મંત્રાલયનું અને મિલિટરી હેડક્વાર્ટર્સનું સરનામું બદલ્યું હોય.

જો કે આ વાત કરીએ છીએ ત્યારે આ યાદી જોઈએ તે પહેલાં વૈશ્વિક દષ્ટિએ ખુદ સંરક્ષણ મંત્રાલયનો રસપ્રદ ઈતિહાસ અને સમયાંતરે જેતે દેશની જરૂરિયાત મુજબ બદલાતું રહેલું તેનું સ્વરૂપ એ બંને જાણવા અને સમજવા જેવા છે. આ ઈતિહાસ





આ દષ્ટિએ જોતાં સૌ પ્રથમ બાબત એ નજરે પડે છે કે બ્રિટનમાં તેની હાલની ડિફેન્સ મિનિસ્ટ્રી તેના વર્તમાન સ્વરૂપે છેક 1971માં જ અસ્તિત્વમાં આવી હતી અને આ પરિવર્તનની પ્રક્રિયાની શરૂઆત પણ બ્રિટનમાં છેક 1964માં જ થઈ હતી. એ પહેલાં બ્રિટનમાં ધ એડમિરાલિટીના નામે નૌકા વિભાગ અને વૉર ઓફિસના નામે આર્મીનો અલગ વિભાગ હતો. એ જ રીતે રશિયામાં પણ છેક 1953 સુધી માત્ર વૉર મિનિસ્ટ્રીનું જ અસ્તિત્વ હતું. ભારતમાં વર્તમાન ડિફેન્સ મિનિસ્ટ્રીના ઈતિહાસ અને તેના તબક્કા વાર જેતે સમયની જરૂરિયાત મુજબ બદલાયેલા સ્વરૂપનો ઈતિહાસ ટૂંકમાં જોઈએ તો 1776માં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ સૌ પ્રથમ વખત મિલિટરી ડિપાર્ટમેન્ટની શરૂઆત કરી હતી. 1833માં ચાર્ટર્ડ એક્ટ થકી સેક્રેટરિએટના માળખાની પુનઃરચના કરીને મિલિટરી ડિપાર્ટમેન્ટ સહિતના કુલ ચાર વિભાગો બનાવવામાં આવ્યા હતા. એ પછી 1895માં બંગાળ, મુંબઈ અને મદ્રાસ(આજનું ચેન્નાઈ)ની અલગ-અલગ પ્રેસિડેન્સીની આર્મીની એક છત્ર હેઠળ લાવીને તેમાંથી સત્તાવાર રીતે બ્રિટિશ ઈન્ડિયન આર્મીની રચના કરવામાં આવી હતી. એ પછી 1909માં મિલિટરી મેમ્બરની પોસ્ટ નાબૂદ કરીને તેના સ્થાને કમાન્ડર-ઈન-ચીફને વિસ્તૃત વહીવટી સત્તાઓ આપવામાં આવી હતી. એ પછી 1947માં આઝાદી પછી મિલિટરી ડિપાર્ટમેન્ટમાંથી જ આઝાદ ભારતના પહેલા સંરક્ષણ મંત્રી સરદાર બલદેવસિંહના નેતૃત્વમાં સત્તાવાર રીતે સંરક્ષણ મંત્રાલયની રચના કરવામાં આવી હતી. એ પછી અત્યાર સુધીમાં આવેલાં પરિવર્તનનો ઈતિહાસ જાણીતો છે એટલે અહીં તેનું પુનરાવર્તન ટાળ્યું છે.

## UK...

UKનું ડિફેન્સ હેડક્વાર્ટર હાલમાં વ્હાઈટ હોલ (Whitehall) કહેવાતા બિલ્ડિંગમાં છે. 1964થી આ બિલ્ડિંગ UKનું મેઈન ડિફેન્સ સેન્ટર અને આધુનિક ડિફેન્સ મિનિસ્ટ્રીનું પણ વડું મથક રહ્યું છે. આ પહેલાં એટલે કે શાહી બ્રિટિશ સામ્રાજ્યના સુવર્ણકાળમાં પણ બ્રિટન પાસે આજના સ્વરૂપે એક સુંગ્રથિત સંરક્ષણ મંત્રાલય નહોતું પણ આ




મંત્રાલય ડિફેન્સ ડિપાર્ટમેન્ટ, વૉર ઓફિસ વગેરે જેવા વિભાગોમાં વિભાજિત હતું. બ્રિટનનાં શાહી સામ્રાજ્યના સમયમાં તો વળી, તેના મંત્રીઓ પણ અલગ હતા. જેમ કે યુદ્ધ મંત્રી અને સંરક્ષણ મંત્રી બંને અલગ હતા.

## રશિયા...

સોવિયેત રશિયામાં તે દેશની સંરક્ષણલક્ષી બાબતો, લશ્કરી બાબતો અને જાસૂસી બાબતોનું સંચાલન કરવા માટે વિવિધ સ્વતંત્ર વિભાગો અને સંસ્થાઓ હતાં પરંતુ સોવિયેત રશિયાના વિસર્જન પછી 16મી માર્ચ, 1992ના રોજ આ બધાંને એક છત્ર હેઠળ લાવીને મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સ ઓફ ધ રશિયન ફેડરેશનની સત્તાવાર રીતે સ્થાપના કરવામાં આવી હતી. તેનું હેડક્વાર્ટર પાટનગર

**ભારતમાં વર્તમાન ડિફેન્સ મિનિસ્ટ્રીના ઇતિહાસ અને તેના તબક્કા વાર જેતે સમયની જરૂરિયાત મુજબ બદલાયેલા સ્વરૂપનો ઇતિહાસ ટૂંકમાં જોઈએ તો 1776માં બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ સૌ પ્રથમ વખત મિલિટરી ડિપાર્ટમેન્ટની શરૂઆત કરી હતી. 1833માં ચાર્ટર્ડ એક્ટ થકી સેક્રેટરિએટના માળખાની પુનઃરચના કરીને મિલિટરી ડિપાર્ટમેન્ટ સહિતના કુલ ચાર વિભાગો બનાવવામાં આવ્યા હતા**

મોસ્કોમાં ઝનામેનકા 19(Znamenka 19) ખાતે આવેલું છે.

## ભારત...

1931થી દિલ્હીમાં રાઈસીના હિલ્સ ખાતે આવેલું ભારતીય સંરક્ષણ મંત્રાલયનું હેડક્વાર્ટર્સ હવે ટૂંક સમયમાં સેન્ટ્રલ વિસ્ટામાં કર્તવ્ય ભવન-2 ખાતે લઈ જવામાં આવશે.

## આર્જેન્ટિના...

આર્જેન્ટિનાના ડિફેન્સ હેડક્વાર્ટરનું સરનામું 20મી સદીમાં બદલાયું હતું. એટલે અત્યારે હવે આર્જેન્ટિનાનું ડિફેન્સ હેડક્વાર્ટર બિઉનસ, એઈરિસ ખાતેના લિબર્ટાડોર બિલ્ડિંગ ખાતે આવેલું છે. અહીં ઉલ્લેખનીય છે કે આ બિલ્ડિંગમાં ડિફેન્સ મિનિસ્ટ્રી ઉપરાંત મિલિટરી(આર્મી સ્ટાફ)નું હેડક્વાર્ટર પણ છે.

## માલદીવ્સ...

માલદીવ્સની મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સના હેડક્વાર્ટર્સનું 11 માળનું અદ્યતન સુવિધાઓ સાથેનું નવું બિલ્ડિંગ ભારતના સહયોગથી જુલાઈ, 2025માં જ બન્યું છે.

## જાપાન...

2000ની સાલ સુધી ધ જાપાન ડિફેન્સ એજન્સી કહેવાતા જાપાનના સંરક્ષણ મંત્રાલયનું હેડક્વાર્ટર અકાસાકામાં હતું. એ પછી 2007માં જાપાનના સંરક્ષણ મંત્રાલયને એક કેબિનેટ સ્તરના મંત્રાલયનો દરજ્જો આપીને તેનું નામ બદલીને નવું નામ સત્તાવાર રીતે મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સ રાખવામાં આવ્યું હતું. તે સાથે જ તે સમયે નવી બનેલી આ મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સનું નવું સેન્ટ્રલ હેડક્વાર્ટર ટોકિયોના શિંજુકુ ખાતે રાખવામાં આવ્યું છે.

## ઇન્ડોનેશિયા...

ઈન્ડોનેશિયાના ડિફેન્સ હેડક્વાર્ટરનું સરનામું ઝાઝું બદલાયું નથી પણ 2008ના એક એક્ટ દ્વારા 2009થી ઈન્ડોનેશિયાના સંરક્ષણ મંત્રાલયનું સ્વરૂપ સત્તાવાર રીતે ધરમૂળથી બદલાયું છે. 2009 પહેલાં ઈન્ડોનેશિયાના સંરક્ષણ મંત્રાલયનું નામ ડિફેન્સ ડિપાર્ટમેન્ટ(ડિફન) હતું, જે 2009માં બદલીને મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સ(કેમ્હાન) કરવામાં આવ્યું હતું અને હાલ પણ આ નવું માળખું અને નવું નામ જ સત્તાવાર રીતે ચાલે છે. આ સાથે આ રીતે વૈશ્વિક સ્તરે વિવિધ દેશોની ડિફેન્સ મિનિસ્ટ્રી, ડિફેન્સ તેમજ મિલિટરી હેડક્વાર્ટર્સનાં સરનામાં અને સ્વરૂપ સતત બદલાતાં રહે તેની પાછળ મુખ્યત્વે બે કારણો છે. એક, ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધ પછી દુનિયામાં બદલાયેલી પરિસ્થિતિ અને તે મુજબની બદલાયેલી જરૂરિયાતો પ્રમાણેના વધુ મજબૂત છતાં લચીલા વહીવટી તેમ જ લશ્કરી માળખાની રચના અને બે, કેટલીક ખાસ પરિસ્થિતિમાં સુરક્ષાલક્ષી અને વિસ્તરણના(જગ્યા વધારવા) માટે પરિવર્તનની આ સાતત્યપૂર્ણ પ્રક્રિયા કરવામાં આવે છે.

### એક ઐતિહાસિક દસ્તાવેજ બનવા જઈ રહેલા સાઉથ બ્લોકનો પણ એક ઇતિહાસ છે

**ભારતમાં ટૂંક સમયમાં એક ઐતિહાસિક દસ્તાવેજ બનવા જઈ રહેલા સાઉથ બ્લોકનો પણ એક ઇતિહાસ છે. વર્તમાન સાઉથ બ્લોક ઘણી બધી પરંપરાગત અને વહીવટી બાબતે ભારતમાં બ્રિટિશ રાજનું પ્રતિનિધિત્વ કરે છે. વળી, 1931માં બ્રિટિશર્સના શાસનકાળમાં બ્રિટિશ આર્કિટેક્ટ સર હર્બર્ટ બેકરની દેખરેખ હેઠળ બંધાયેલું આ ભવન બ્રિટિશ શૈલી, મુગલ શૈલી અને રાજપૂત શૈલી એમ ત્રણ શૈલીના સુભગ સમન્વયથી બાંધવામાં આવ્યું છે. અહીં ભારતના સંરક્ષણ મંત્રાલયની ઓફિસ ઉપરાંત વિદેશ મંત્રાલયની ઓફિસ અને વડા પ્રધાન કાર્યાલય(PMO) પણ આવેલાં છે. હવે જ્યારે સાઉથ બ્લોકમાંના બધાં જ મંત્રાલયનું સ્થળાંતર થશે અને આ સાઉથ બ્લોક એક ઐતિહાસિક દસ્તાવેજ બની જશે ત્યારે અહીં સાઉથ બ્લોકના પ્રભાવશાળી વહીવટી ભૂતકાળને જીવંત રાખવા માટે તેને એક મ્યુઝિયમમાં ફેરવી નાખવામાં આવશે અને પછી પ્રજા માટે ખુલ્લો મૂકવામાં આવશે. ઉલ્લેખનીય છે કે સુરક્ષાનાં કારણોસર અત્યારે અહીં રિસ્ટ્રિક્ટેડ એક્સેસ છે, જે નજીકના ભવિષ્યમાં હટી જશે.**

# રણબીરની 'રામાયણ' ને હોલિવૂડના ચશ્માથી જોવાની છે?







**બે** મહિનાથી 'ધુરંધર 2' ની ચર્ચા ચાલુ છે ત્યારે રણબીર કપૂરની 'રામાયણ' નું ટીઝર રજૂ થતાં લોકોનું ધ્યાન એની તરફ સારી નહીં પણ નકારાત્મક બાબતોને લીધે વધારે ખેંચાયું છે! લોકોને ફિલ્મ સારી નહીં સાચી જોઈએ છે. સૌથી મોટી ફરિયાદ એ છે કે આખું ટીઝર અસલી નહીં પણ AI દ્વારા જનરેટ કરેલો વિડિયો લાગે છે. રણબીર પર થતી ફૂલોની વર્ષા હોય કે પછી વનરાજીનાં દ્રશ્યો, બધું જ એટલું પ્લાસ્ટિક જેવું અને કમ્પ્યુટર નિર્મિત લાગે છે કે તેમાં રહેલો અસલી કુદરતી સ્પર્શ ગાયબ છે. પ્રેક્ષકોનું કહેવું છે કે રૂ.૪૦૦૦ કરોડના બજેટમાં નિર્માતા અસલી લોકેશન પર શૂટિંગ કરી શક્યા હોત. વધુ પડતા ગ્રીન સ્ક્રીન અને CGI ના વપરાશે 'આદિપુરુષ ૨.૦' જેવો ડર ઊભો કર્યો છે. પ્રેક્ષકો નથી ઈચ્છતા કે તેમની શ્રધ્ધા સાથે કોઈ પણ પ્રકારના ટેક્નિકલ પ્રયોગો થાય. રામાયણ આપણી માટીની વાર્તા છે પણ ટીઝરમાં બતાવેલા રાક્ષસો અને દાનવો જોઈને એવું લાગે છે કે 'લોર્ડ ઓફ ધ રિંગ્સ' કે 'ગેમ ઓફ થ્રોન્સ' જોઈ રહ્યા છીએ. આપણા ગ્રંથોમાં વર્ણવેલા અસુરોને બદલે હોલિવૂડ સ્ટાઈલના 'ઓર્ક્સ' જેવા જીવો બતાવવા પર લોકોએ નારાજગી વ્યક્ત કરી છે. ભારતીય સંસ્કૃતિના દાનવોને બદલે હોલિવૂડની ફિલ્મોના કાર્ટૂન જેવાં પાત્રો લાગે એ મોટી ભૂલ છે. ગ્લોબલ ઓડિયન્સને ખુશ કરવાના ચક્કરમાં નિર્માતા ક્યાંક ભારતીય સંસ્કૃતિનો દેશી ટચ ભૂલી ગયા હોય એવું જણાય છે. રણબીર એક શાનદાર અભિનેતા છે પણ રામના પાત્રમાં તેને જોઈને લોકોમાં મતમતાંતર છે. ઘણા લોકો તેના ચહેરા પર જૂની સીરિયલો જેવી તાજગી કે ભક્તિભાવનો અભાવ હોવાનું કહી રહ્યા છે. લોકો તેને માત્ર 'રણબીર' તરીકે જ જોઈ રહ્યા છે, 'રામ' તરીકે નહીં. વળી રણબીરની ઉંમર અને તેના ભૂતકાળનાં પાત્રોને કારણે કેટલાક લોકો રામ તરીકે સ્વીકારી શકતા નથી. જો રજૂઆતમાં દિવ્યતા હોત તો કદાચ લોકો રણબીરના સ્ટાર સ્ટેટસને ભૂલી ગયા હોત. બીજી તરફ રાવણ તરીકે યશનો માત્ર બેક-લુક જોઈને જ લોકો તેને સ્વીકારી રહ્યા છે. જે રણબીર માટે એક પડકાર છે.

**ગ્લોબલ ઓડિયન્સને ખુશ કરવાના ચક્કરમાં નિર્માતા ક્યાંક ભારતીય સંસ્કૃતિનો દેશી ટચ ભૂલી ગયા હોય એવું જણાય છે. રણબીર એક શાનદાર અભિનેતા છે પણ રામના પાત્રમાં તેને જોઈને લોકોમાં મતમતાંતર છે. ઘણા લોકો તેના ચહેરા પર જૂની સીરિયલો જેવી તાજગી કે ભક્તિભાવનો અભાવ હોવાનું કહી રહ્યા છે**

અઢી મિનિટના ટીઝરમાં એક પણ સંવાદ નથી. પ્રેક્ષકો રણબીરના અવાજમાં રામનો કોઈ જોરદાર સંવાદ સાંભળવા માંગતા હતા. જેથી એ જાણી શકાય કે તેનું ઉચ્ચારણ કેવું છે. આ કારણે ઘણા લોકો ફિલ્મ સાથે ભાવનાત્મક રીતે જોડાઈ શક્યા નથી. સંવાદ વગર માત્ર દ્રશ્યો બતાવવા એ પણ AI વિડિયો જેવો જ અનુભવ આપે છે. ટીઝરના રંગો ખૂબ જ ડલ અને ડાર્ક રાખવામાં આવ્યા છે. ધાર્મિક ફિલ્મોમાં સામાન્ય રીતે તેજ અને સકારાત્મક રંગોની અપેક્ષા હોય છે. અહીં હોલિવૂડની ફિલ્મોની જેમ બધું જ ગ્રે અને ડાર્ક ટોનમાં છે. એ કારણે ફિલ્મમાં રહેલી ભક્તિ અને દિવ્યતાનો અનુભવ ઓછો થઈ જાય છે. ઝીણવટભર્યું નિરીક્ષણ કરનારા લોકોએ ઘણી ભૂલો પકડી છે. ફૂલોની વર્ષા વખતે પાછળ ઊભેલા લોકોના કપડાંના રંગો બદલાઈ જાય છે. એક બાળક બે વખત આવે છે. યુદ્ધના મેદાનમાં બરફ બતાવવા પર પણ સવાલો ઊઠ્યા છે.


ટીઝરમાં ટેકનોલોજી અને CGI પર એટલો ભાર મુકાયો છે કે રામાયણની જે મૂળ ભાવના છે તે ક્યાંક ખોવાઈ ગઈ છે. ટીઝર જોયા પછી કોઈ ખાસ રોમાંચ કે આદરનો ભાવ જાગતો નથી. લોકો એવી માંગ કરી રહ્યા છે કે રામાયણ જેવો વિષય માત્ર એસ.એસ. રાજામૌલી જ સંભાળી શકે છે કારણ કે તેમની પાસે અશક્ય વસ્તુને પણ પડદા પર સાચી મનાવવાની તાકાત છે. નિર્માતા દિલને બદલે દિમાગ અને લોજિકનો વધુ પડતો ઉપયોગ કરી રહ્યા છે. જેના કારણે રામાયણની પવિત્રતા અને ભારતીયતા જોખમાઈ રહી છે. કદાચ ટીઝર જુલાઈમાં રજૂ કરવાના હતા પરંતુ સોશિયલ મીડિયા પર લોકોની સતત ડિમાન્ડ અને હાઈપને કારણે ઉતાવળમાં રજૂ કર્યું છે.

તેથી ટીઝરમાં ગુણવત્તાનો અભાવ અને કેટલીક ટેક્નિકલ ભૂલો સ્પષ્ટ દેખાય છે. અલબત્ત 'આદિપુરુષ' કરતાં તો સારી દેખાય છે. છતાં તેને સુધારવાની જરૂર છે. એવો પ્રશ્ન પણ થઈ રહ્યો છે કે 'રામાયણ' ની અસલી કમાન નિર્દેશકના હાથમાં છે કે એમાં કરતી હોલિવૂડની કંપનીના હાથમાં? ભલે 'આદિપુરુષ' માં હજારો ખામીઓ હતી પરંતુ અજય-અતુલનું સંગીત અદભુત હતું અને લોકોના હ્રદયને સ્પર્શી ગયું હતું. તેની સરખામણીમાં ટીઝરનું સંગીત ઘણું આધુનિક અને હોલિવૂડ સ્ટાઈલનું લાગે છે. જે કદાચ ભક્તિભાવ જગાડવામાં થોડું પાછું પડી શકે છે. ટીઝરમાં કોઈ સંવાદ ન હોવાથી આખો ભાર સંગીત પર આવી ગયો છે. જો કે, આ માત્ર એક નાનકડી ઝલક છે અને હજુ ફિલ્મ આવવામાં દિવાળી સુધીનો ઘણો સમય છે. જો નિર્દેશક નિતેશ તિવારી આ ફીડબેકને ગંભીરતાથી લેશે અને હોલિવૂડના ચશ્મા ઉતારીને ભારતીય હ્રદયથી ઓપ આપશે તો ચોક્કસપણે આ ફિલ્મ ઈતિહાસ રચી શકે છે. એમાં 'એવેન્જર્સ' જેવું એક્શન નહીં પણ 'રામ' જેવી મર્યાદા અને લાગણી જોઈએ છે. નિતેશ તિવારી આ જાદુ પાછો લાવી શકશે કે નહીં? એ તો સમય જ કહેશે!

### ઓટોગ્રાફ!

'રામાયણ' ના ટીઝરમાં જંગલ અને નદીઓ જોઈને શું તમને પણ એવું લાગે છે કે ભગવાન રામ વનવાસમાં નહીં પણ કોઈ હાઈ-ટેક વીડિયો ગેમના લેવલ-૧ માં એન્ટ્રી કરી રહ્યા છે?

# અદલાબદલીની આફત...!




**એ**ક સંતે પૂછેલું: ઈશ્વરની સાચી ભક્તિ ક્યારે કરેલી કહેવાય? પછી તેમણે જ જવાબ આપેલો: "હે ઈશ્વર, અમારી ભક્તિ અને શ્રદ્ધા અમને વારસામાં મળેલી બાબત છે. તારા નામસ્મરણથી અમને પરમ શાંતિ મળે છે. હે પ્રભુ, દુનિયાને સાચી રીતે સમજી શકવાની તારામાં જે ત્રેવડ છે તેવી ત્રેવડ મારામાં પણ પ્રગટાવજે. સમગ્ર ધરતી પરના લોકો માનવતાથી હર્યાભર્યા અને નેકદિલ બની રહે તેવું કરજે. તેં મને ઘણું આપ્યું છે. હું તેનાથી ખૂબ સુખી અને સંતુષ્ઠ છું. મારે હવે વધારે બીજું કાંઈ જોઈતું નથી પણ જેને તું કશું આપી શક્યો નથી એવા લોકો પર તારી કૃપા વરસાવજે!''

હવે એક બીજું ઉદાહરણ જોઈએ. એક વડીલ એમના દીકરાની કંકોતરી આપવા આવ્યા. દીકરાને કેટલી સારી વહુ મળી તે જણાવવામાં તેમણે ખાસ્સો સમય લીધો. તે બધો વખત (અમે રાજીખુશીથી) ચૂપ રહ્યા. તેમના ગયા પછી શ્રીમતીજીએ ઠપકો આપતાં કહ્યું: "દીકરાના લગ્નનો એમને કેટલો હરખ હતો, તમારે પણ તેમના સૂરમાં સૂર પુરાવવો જોઈતો હતો. તેમને આનંદ થાય તેવો પ્રતિભાવ આપવો જોઈતો હતો. તેને બદલે તમે તેમને દુઃખ થાય એવું બોલ્યા. તમારે એવું ન કરવું જોઈતું હતું!''

શ્રીમતીજીને હું કશું કહી શક્યો નહીં પણ મારું મન વિચારે ચઢી ગયું: એના દીકરાને આખું ગામ ઓળખતું હતું. લગ્ન પૂર્વે એ ત્રણ છોકરાનો બાપ બની ચૂક્યો હતો. ધંધામાં દારૂજુગારના અડ્ડા ચલાવતો હતો. એક ખૂન કેસમાં સંડોવાતા એ જેલમાં પણ રહી આવ્યો હતો. એવા કુંવારા છોકરાના ત્રણ વાર મા બની ચૂકેલી ત્યક્તા જોડે લગ્ન થઈ રહ્યા હતાં. તેના ગયા બાદ મેં શ્રીમતીજીને હસીને કહ્યું: ''તું એક વાત સાંભળ: મને એક જોક યાદ આવે છે': એક પારસીનો દીકરો ભલો માણસ હતો પણ ખરાબ મિત્રોની સોબતમાં બગડી ચૂક્યો હતો. એક ખૂનકેસમાં સંડોવાતાં તેને આજીવન જેલની સજા થઈ હતી. પછી થયું એવું કે અમુક વર્ષની જેલ ભોગવ્યા બાદ સરકાર બદલાઈ, એથી એને મુક્તિ મળી ગઈ. થયેલું એવું કે સરકારે સારી ચાલચલગત ધરાવતા કેદીને રહેમદિલે મુક્તિ આપી અને એ રીતે એને મુક્ત કરવામાં આવ્યો. ત્યારે પેલી પાડોશણે એને અભિનંદન આપતાં કહેલું: તને ખોડાઈજીએ સારી ચાલચલગતવાળો દીકરો દીધો તે બદલ તને ખૂબ ખૂબ અભિનંદન!''

એક બીજો મુદ્દો જોઈએ. શ્રી રામચંદ્રજી સર્વ ગુણસંપન્ન પુરુષ હતાં છતાં લંકાની ચૂંટણીમાં એ ઊભા રહે તો તેમનો પરાજય થઈ શકે. અયોધ્યાના બધા માણસો પેલા ધોબી જેવા હોય તો ય શું થઈ શકે..? આપણે જાણીએ છીએ કે લોકો રોજ સવારે પ્રભુની પૂજા કરીને આગલા ઉંબર પર ફૂલ મૂકે છે પણ સચ્ચાઈ એ છે કે કોઈ સંડાસના ઉંબરની પૂજા કરતું નથી. આપણે ઘણી વાર ફિલ્મોમાં જોઈ ચૂક્યા છીએ કે ટોયલેટોમાં 'લેડિઝ', 'જેન્ટસ' નાં બોર્ડ મારેલાં હોય છે પણ રમૂજ ખાતર એ બોર્ડની અદલાબદલી કરી દેવામાં આવે તો શી હાલત થાય? જો કે આવી અદલાબદલી ક્યારેક ક્યારેક જ થતી હોય છે પણ થાય છે ત્યારે મોટો અનર્થ સર્જાય છે. હમણાં જ એક ફિલ્મમાં જોવા મળ્યું કે બે મિત્રો તેમના કોઈ દુશ્મનને મારવા નીકળે છે પણ છેલ્લી ઘડીએ પિસ્તોલ બદલાઈ જાય છે પરિણામે ખોટી વ્યક્તિનું મોત થઈ જાય છે.



**શ્રીમતીજીને હું કશું કહી શક્યો નહીં પણ મારું મન વિચારે ચઢી ગયું: એના દીકરાને આખું ગામ ઓળખતું હતું. લગ્ન પૂર્વે એ ત્રણ છોકરાનો બાપ બની ચૂક્યો હતો. ધંધામાં દારૂજુગારના અડ્ડા ચલાવતો હતો. એક ખૂન કેસમાં સંડોવાતા એ જેલમાં પણ રહી આવ્યો હતો. એવા કુંવારા છોકરાના ત્રણ વાર મા બની ચૂકેલી ત્યક્તા જોડે લગ્ન થઈ રહ્યા હતાં**

એક મોટા લેખકે રમેશ રાવલનો ઈન્ટરવ્યૂ લીધો હતો. રમેશ રાવલ નામના એક શિક્ષકને સિંહ પ્રત્યે અપાર લાગણી હતી. સિંહોની સલામતી માટે એમણે કથા પણ કરાવી હતી. એમણે અભ્યાસ કરી તારણ કાઢ્યું હતું કે, સિંહણ જેટલી વાર ગર્જના કરે તેટલી તેની ઉંમર ગણાય. એક વાર બધા સિંહો ભેગા થયા અને એ વાતમાં કેટલું તથ્ય છે તેની ચર્ચા કરી.

અંતે તેઓ એવા નિષ્કર્ષ પર આવ્યા કે સિંહણ પોતાની સાચી ઉંમર કરતાં દશ ખોંખારા ઓછા ખાતી હતી કારણ એ હતું કે સિંહણ નારી જાતિ કહેવાય અને નારી જાતિને તેમની સાચી ઉંમર ઓછી બતાવવાની જન્મજાત આદત હોય છે. ત્યાર બાદ એવો નિયમ બનાવવામાં આવ્યો કે સિંહણ જે ખોંખારા ખાય તેમાં દશ ઉમેરવાથી જે સંખ્યા આવે તે સિંહણની સાચી ઉંમર ગણવી. બચુભાઈ એથી જ કહે છે કે ''આજકાલ બધી સ્ત્રીઓ સિંહણતુલ્ય હોય છે!''

### ધૂપછાંવ

એક અન્ય કપલના લગ્ન ભર શિયાળામાં થયા હતા. તેઓ હનીમૂન માટે નીકળ્યાં હતાં પણ હિમાલયમાં જામેલો બરફ લોખંડ થઈ જાય એવી ઠંડી પડતી હતી. એમના હોઠ ફાટી ગયા હતા. એમણે અમારા ઘરમાં વેસેલીન શોધ્યું. અમારા બેડરૂમમાંથી એમને વેસેલીનની ડબ્બી મળી પણ થયેલું એવું કે કડકડતો શિયાળો ચાલતો હતો. તેમના હોઠ બહુ ખરાબ રીતે ફાટી ગયા હતા. વધારામાં એવું બનેલું કે અમારા બેડરૂમમાંથી તેમને વેસેલીનની શીશી મળી તો ખરી પણ તેમને એ ખબર ન હતી કે એ વેસેલીન નહોતું. થયેલું એવું કે અમારે ત્યાં થોડા દિવસો પર જ ટાઈગર બામની શીશી તૂટી ગઈ હતી એથી અમે તેમાં એ ટાઈગર બામ ભર્યો હતો. ક્યારેક એવું બનતું હોય છે કે આપણે અજાણતા જ કોઈ ભૂલ કરી બેસીએ છીએ પણ આપણને ત્યારે ખબર હોતી નથી કે એનું શું પરિણામ આવશે?